RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 81 * Date: 13.1.2026,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભારતથી વધુ કોઈ દેશ મહત્ત્વનો નહીં: અમેરિકા



ભારતમાં અમેરિકાના નવા રાજદૂત સર્જિયો ગોરે સોમવારે પદભાર સંભાળી લીધો છે. પોતાના પહેલા સંબોધનની શરૂઆત ગોરે 'નમસ્તે' સાથે કરી અને કહ્યું હતું કે ભારતમાં અમેરિકાના રાજદૂત તરીકે અહીં હોવું તેમના માટે ગર્વની વાત છે.ગોરે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી વચ્ચેની મિત્રતાને સાચી ગણાવી. તેમણે કહ્યું હતું કે સાચા મિત્રો અસહમત થઈ શકે છે, પરંતુ અંતે હંમેશાં પોતાના મતભેદોને ઉકેલી લે છે.તેમણે કહ્યું હતું કે તેઓ ભારત પ્રત્યે સન્માન સાથે આવ્યા છે અને ભારત-અમેરિકા ભાગીદારીને આગળ વધારવી તેમનું મિશન છે. ગોરે કહ્યું,તેમણે એવી પણ આશા વ્યક્ત કરી કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી એક કે બે વર્ષમાં ભારતની મુલાકાતે આવશે. વધુમાં, સર્જિયો ગોરે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચેના સંબંધો અને ભારત-અમેરિકા સંબંધો અંગે અનેક મહત્ત્વપૂર્ણ નિવેદનો આપ્યાંગોરે કહ્યું હતું કે ભારત-અમેરિકા વચ્ચે ચાલી રહેલી ટ્રેડ ડીલ પર વાતચીત સક્રિયપણે ચાલુ છે. આ સંબંધમાં આગળનો કોલ આવતીકાલે થવાનો છે. ગોર મુજબ, બંને દેશો આ કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે પ્રતિબદ્ધ છે.

અમેરિકાના રાજદૂતે કહ્યું હતં કે ઘણા લોકો તેમને ટ્રેડ ડીલ પર અપડેટ પૂછી રહ્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે બંને પક્ષો સતત સંપર્કમાં છે અને વાતચીત આગળ ચાલી રહી છે. ભારત દુનિયાનો સૌથી મોટો દેશ છે, તેથી આ પ્રક્રિયા સરળ નથી, પરંતુ બંને દેશો એને પૂર્ણ કરવા માટે પ્રયત્નશીલ છે.સર્જિયો ગોરે કહ્યું હતું કે વેપાર ભારત-અમેરિકા સંબંધોનો મહત્ત્વનો ભાગ છે, પરંતુ સહયોગ ફક્ત વેપાર પૂરતો મર્યાદિત નથી. બંને દેશો સુરક્ષા, કાઉન્ટર-ટેરરિઝમ, ઊર્જા, ટેક્નોલોજી, શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવાં મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં પણ સાથે મળીને કામ કરી રહ્યા છે.જાન્યુઆરી ૨૦૨૫માં રાષ્ટ્રપતિ બન્યા પછી ટ્રમ્પે ઓગસ્ટમાં ગોરને ભારતના રાજદૂત તરીકે પસંદ કર્યા હતા. એવું માનવામાં આવે છે કે ગોર ભારતમાં અમેરિકા ફર્સ્ટ એજન્ડાને આગળ વધારવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે.ગોરે રાષ્ટ્રપતિ ચૂંટણી દરમિયાન ટ્રમ્પ માટે ભંડોળ એકત્ર કરવામાં પણ મોટી ભૂમિકા ભજવી હતી. તેઓ ટ્રમ્પના ખાસ માનવામાં આવે છે અને તેમની 'અમેરિકા ફર્સ્ટ' નીતિના કટ્ટર સમર્થક છે.ગોર વ્હાઈટ હાઉસમાં નિમણૂકોની તપાસ-પડતાળમાં પણ સામેલ રહ્યા છે. તેમને ટ્રમ્પની ટીમમાં પડદા પાછળની સૌથી શક્તિશાળી વ્યક્તિઓમાંના એક માનવામાં આવે છે.

આ જ કંપની દ્વારા ટ્રમ્પે અત્યારસુધીમાં ત્રણ પુસ્તકો છપાવ્યા છે, જેમાં એક પુસ્તકમાં તેમની તે પ્રખ્યાત તસવીર છે જ્યારે પેન્સિલવેનિયામાં રેલી દરમિયાન તેમના પર જીવલેણ હુમલો થયો હતો અને લોહીલુહાણ હાલતમાં તેમણે મુઠ્ઠી વાળીને તાકાત બતાવતો પોઝ આપ્યો હતોટ્રમ્પે રાષ્ટ્રપતિ ચૂંટણી જીત્યા પછી ગ્રીનલેન્ડ પર કબજો કરવાવાળું નિવેદન આપ્યું હતું. ત્યાર બાદ જાન્યુઆરીમાં તેમના પુત્ર જુનિયર ટ્રમ્પ (વચ્ચે) ગ્રીનલેન્ડના પ્રવાસે ગયા હતા. ત્યારે આ યાત્રા ઘણી ચર્ચામાં રહી હતી. તેમાં તેમની સાથે સર્જિયો ગોર (ડાબે) પણ હતા.ટ્રમ્પે રાષ્ટ્રપતિ ચૂંટણી જીત્યા પછી ગ્રીનલેન્ડ પર કબજો કરવાવાળું નિવેદન આપ્યું હતું. ત્યાર બાદ જાન્યુઆરીમાં તેમના પુત્ર જુનિયર ટ્રમ્પ (વચ્ચે) ગ્રીનલેન્ડના પ્રવાસે ગયા હતા. ત્યારે આ યાત્રા ઘણી ચર્ચામાં રહી હતી. તેમાં તેમની સાથે સર્જિયો ગોર (ડાબે) પણ હતા.બીજીવાર રાષ્ટ્રપતિ બન્યા પછી ટ્રમ્પે ગોરને પ્રેસિડેન્શિયલ પર્સનલ ઓફિસના ડાયરેક્ટર બનાવ્યા હતા. આ પદ ખૂબ શક્તિશાળી માનવામાં આવે છે, કારણ કે તેના દ્વારા એ નક્કી થાય છે કે સરકારમાં કયા કયા લોકો મહત્ત્વના પદો પર આવશે.આ વખતે ટ્રમ્પે સૌથી વધુ ધ્યાન પોતાનામાં નિષ્ઠા રાખનારી વ્યક્તિને પસંદ કરવા પર આપ્યું. ખરેખર, પાછલા કાર્યકાળમાં ટ્રમ્પની ટીમમાં ઘણા એવા લોકો આવી ગયા હતા, જે તેમના હિસાબે વફાદાર ન હતા અને પાછળથી આ જ તેમની સૌથી મોટી ભૂલ માનવામાં આવી.

## ઉત્તરાયણના ના પર્વ નિમિત્તે સહાય ફાઉન્ડેશન દ્વારા સેન્ટ્રલ વિસ્ટા, ઉદ્યોગ ભવનની સામે ગાર્ડન ઘ-૪ ખાતે સવારે ૮ કલાકે થી પતંગોત્સવનું આયોજન કરાયું




### ગાંધીનગરવાસીઓને પતંગોત્સવમાં ધારી આનંદ અને ઉલ્લાસ સાથે પર્વની ઉજવણી કરવા સહાય ફાઉન્ડેશનનું આમંત્રણ

-------

ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ પ્રેરિત સહાય ફાઉન્ડેશન દ્વારા આ વર્ષે ઉત્તરાયણના પર્વ નિમિત્તે તારીખ ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સેન્ટ્રલ વિસ્ટા, ઉદ્યોગ ભવનની સામે ગાર્ડન ઘ-૪ ખાતે સવારે ૮ કલાકે થી પતંગોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સહાય ફાઉન્ડેશન પરિવાર આ ઉતરાયણનું પર્વ સાથે મળી આનંદ અને ઉલ્લાસ સાથે પર્વની ઉજવણી કરવા ગાંધીનગરવાસીઓને આમંત્રણ પાઠવે છે.

## શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા "ગ્રંથરત્ન શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ" ઉપક્રમે નીકળેલી ભવ્ય "શિક્ષાપત્રી વિજય યાત્રા"...





શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા "ગ્રંથરત્ન શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ" ઉપક્રમે પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, કરજીસણ (ભાઈઓનું) શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવ - નવનિર્માણ મહોત્સવ તથા શ્રી સ્વામિનારાયણ મંદિર કરજીસણ (બહેનોનું) શ્રી ઘનશ્યામ મહારાજ રજત પ્રતિષ્ઠા મહોત્સવે ભવ્ય "શિક્ષાપત્રી વિજય યાત્રા" પાંચ ગજરાજ ઉપર નિકળી હતી. જેમાં હકડેઠઠ માનવ મેદની હૈયે હૈયું દળાય એવી ત્રણ કિલોમીટરની લંબાઈમાં પ્રદર્શિત થતી હતી.ચતુર્થ દિવસીય મહોત્સવના કાર્યક્રમની વિગતો આપતાં મહંત સદ્ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, મહોત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક આધ્યાત્મિક સભર કાર્યક્રમો યોજાયા હતા જેવા કે વિવિધ ગ્રંથોની પારાયણો, મહાપૂજા, આરતી, સાંસ્કૃતિક કાર્યક્રમ, સમૂહ રાસ, ભવ્ય અન્નકૂટ સાથે ભગવાનના મૂર્તિ પધરાવ્યા હતા. બ્લડ ડોનેશન કેમ્પ, પર્યાવરણ જતન માટે દાન, ગામના પશુઓ ગાયો, ભેંસો માટે ઘાસ તથા પક્ષીઓ માટે ચણ, કીડીયારું પુરવામાં તેમજ જરૂરીયાતમંદને વસ્ત્રદાન કરવામાં આવ્યું હતું.આ અણમોલ અવસરનો લ્હાવો ઘણી મોટી સંખ્યામાં દેશ વિદેશના હરિભકતોએ ભકિતભાવપૂર્વક લીધો હતો. શ્રી સ્વામિનારાયણ સિધ્ધાંત સજીવન મંડળ, કરજીસણના હરિભકતોએ સેવાનો લાભ લીધો હતો.

## રાજ્યમાં માં ઉત્તર તરફથી ફૂંકાતા બરફીલા પવનોને કારણે સમગ્ર રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળ્યું



કચ્છ,

છેલ્લા ૨ દિવસથી ગુજરાતમાં ઉત્તર તરફથી ફૂંકાતા બરફીલા પવનોને કારણે સમગ્ર રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. ખાસ કરીને સરહદી જિલ્લા કચ્છમાં હાડ થીજાવતી ઠંડી પડી રહી છે. રવિવારે (૧૧મી જાન્યુઆરી) કચ્છના નલિયામાં લઘુત્તમ તાપમાન ગગડીને ૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે ચાલુ સિઝનનું સૌથી નીચું તાપમાન છે. નલિયા અને આસપાસના વિસ્તારોમાં ઠંડી એટલી પ્રચંડ હતી કે વહેલી સવારે ખુલ્લામાં પાર્ક કરેલા વાહનો, ખેતરોમાં પાક અને ઘરની બહાર પડેલી ચીજવસ્તુઓ પર બરફના થર જામી ગયેલા જોવા મળ્યા હતા. પશ્ચિમ કચ્છના અબડાસા, લખપત અને નખત્રાણા પંથકમાં લોકોએ જાણે કાશ્મીર જેવો અહેસાસ કર્યો હતો.

તેમજ કચ્છ સિવાય સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પણ પારો સિંગલ ડિજિટમાં પહોંચ્યો છે. નલિયામાં સીઝનનું સૌથી નીચું ૩.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. જ્યારે ભુજમાં પણ ૯ ડિગ્રી સુધી તાપમાનનો પારો ગગડ્યો છે. આ ઉપરાંત અમરેલીમાં ૭.૬ ડિગ્રી, રાજકોટમાં ૮.૯ ડિગ્રી અને ગાંધીનગરમાં ૯.૫ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે.કાતિલ ઠંડીના કારણે જનજીવન પર વ્યાપક અસર પડી છે. ઠંડીના ડરથી શહેરો અને ગામડાઓમાં રાત્રે ૮ વાગ્યા બાદ સ્વયંભૂ કરફ્યુ જેવો માહોલ જોવા મળે છે અને લોકો સવારે મોડા સુધી ઘરમાં જ રહેવાનું પસંદ કરે છે. પશુપાલકો અને ખેડૂતોએ ઠંડીથી બચવા માટે ઠેર-ઠેર તાપણાંનો સહારો લીધો છે.ભારતીય હવામાન વિભાગ અનુસાર, આગામી ૨૪થી ૪૮ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનું જોર યથાવત્ રહેશે. ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષાને કારણે હજુ પણ ઠંડા પવનો ફૂંકાવાની શક્યતા છે.

## ઈતિહાસમાં પહેલીવાર સાઉથ બ્લોકને 'અલવિદા' કહેશે PMO! સેવા તીર્થમાં શિફ્ટ થશે વડાપ્રધાનનું કાર્યાલય



વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે(૧૪ જાન્યુઆરી, ૨૦૨૬)થી નવા ઁર્ કાર્યાલય 'સેવા તીર્થ' પરિસરમાં શિફ્ટ કરશે. આમ ઈતિહાસમાં પહેલીવાર સાઉથ બ્લોકને 'અલવિદા' કહેશે ઁર્. કેન્દ્ર સરકારની મહત્ત્વકાંક્ષી સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ પરિયોજનાનો મહત્ત્વનો એક ભાગ છે. વહીવટીતંત્રમાં સુમેળ અને કાર્યોને વધુ યોગ્ય બનાવવાના ઉદ્દેશ્ય સાથે આ નિર્ણય લેવાયો છે. નવી વ્યવસ્થા હેઠળ વડાપ્રધાન કાર્યાલય હવે 'સેવા તીર્થ-૧' ભવનમાં સંચાલિત થશે, જે કાર્યપાલિકા પરિસર-૧માં વાયુ ભવન પાસે સ્થિત છે. આ પરિસરમાં 'સેવા તીર્થ-૨' અને 'સેવા તીર્થ-૩' ભવન પણ છે. સપ્ટેમ્બર, ૨૦૨૫ પહેલા જ 'સેવા તીર્થ-૨'માં કેબિનેટ સચિવાયલ શિફ્ટ થઈ ગઈ છે. જ્યારે 'સેવા તીર્થ-૩' માં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયનું કાર્યાલય સ્થાપિત કરાશે. આ શિફ્ટિંગ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે, કારણ કે સ્વતંત્રતા પછીથી વડાપ્રધાન કાર્યાલય સાઉથ બ્લોકમાં સ્થિત હતું. સાઉથ અને નોર્થ બ્લોક ખાલી કર્યા પછી, તેને ×યુગે યુગીન ભારત સંગ્રહાલય× માં રૂપાંતરિત કરવામાં આવશે. જેનાથી જનતા ભારતની વહીવટી અને ઐતિહાસિક યાત્રાને સમજી શકશે. આશરે ૧,૧૮૯ કરોડ રૂપિયાની કિંમતે તૈયાર કરાયેલા સેવા તીર્થ પરિસર ૨,૨૬,૨૦૩ વર્ગ ફૂટ ક્ષેત્રમાં વિસ્તરેલો છે અને જેનું નિર્માણ લાર્સન એન્ડ ટૂબ્રોએ કર્યુ છે. આની ડિઝાઈન 'સેવા'ની થીમ પર આધારિત છે, જેમાં આધુનિક કાર્યસ્થળો સાથે ભવ્ય રૂમનો પણ સમાવેશ થાય છે.સરકારનું કહેવું છે કે, આ ફેરફાર વસાહતી વારસાથી આગળ વધવા અને ભારતીય મૂલ્યો અનુસાર શાસન પ્રવચનને મજબૂત બનાવવાની દિશામાં એક મોટું પગલું છે, અને 'કર્તવ્ય પથ'નું નામ બદલવા જેવા નિર્ણયો તેની સાથે સુસંગત છે.

તંત્રી લેખ

## ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સે બીસીજીસીએલપાસેથી રૂ.૫૪૦૦ કરોડનો એલઓએ મેળવ્યો!!!

ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ ને ભેલ (૪૯%) અને કોલ ઈન્ડિયા (૫૧%) ની સંયુક્ત સાહસ કંપની ભારત કોલ ગેસિફિકેશન એન્ડ કેમિકલ્સ (બીસીજીસીએલ) તરફથી લગભગ રૂ.૫૪૦૦ કરોડનો સ્વીકૃતિ પત્ર (જીએસટી સિવાય) મળ્યો છે. આ ઓર્ડર ઓડિશાના ઝારસુગુડાના લખનપુર ખાતે બીસીજીસીએલ ના કોલસાથી ૨૦૦૦ ટીપીડી એમોનિયમ નાઈટ્રેટ પ્રોજેક્ટના કોલ ગેસિફિકેશન અને કાચા સિંગાસ ક્લિનિંગ પ્લાન્ટ માટે છે.

ઓર્ડરમાં એલએસટીકે ૦૧ પેકેજ માટે ડિઝાઈન, એન્જિનિયરિંગ, સાધનોનો પુરવઠો, સિવિલ વર્ક્સ, ઈરેક્શન, કમિશનિંગ અને ઓ એન્ડ એમ સેવાઓનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ એલઓએલ ની તારીખથી ૪૨ મહિનાની અંદર પૂર્ણ કરવાનો છે (કમિશનિંગ અને પર્ફોર્મન્સ ગેરંટી ટેસ્ટ); અને ત્યારબાદ ૬૦ મહિના માટે સંચાલન અને જાળવણી સેવાઓ રહેશે.ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ (ભેલ) એ ભારતીય કેન્દ્રીય જાહેર ક્ષેત્રની એક કંપની છે અને સરકારની માલિકીની સૌથી મોટી વીજ ઉત્પાદન ઉપકરણોનું ઉત્પાદન કરે છે.

# પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની તબિયત બગડી, AIIMSમાં દાખલ

પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને સોમવારે નવી દિલ્હી ખાતે અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન (છૈંસ્જી) માં દાખલ કરવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર તેઓ ગત અઠવાડિયે બે વખત બેહોશ થયા હતા, ત્યારબાદ ડૉક્ટર તેમની સ્થિતિ ધ્યાને રાખીને હોસ્પિટલમાં દાખલ કરીને સ્ઇૈં સહિત અન્ય તપાસ કરાવવા માટેની ભલામણ કરી હતી. ૧૦ જાન્યુઆરીએ ધનખડ વોશરૂમ જતા સમયે બે વખત બેહોશ થઈ ગયા હતા. સોમવારે તેઓ નિયમિત તપાસ કરાવવા માટે એઈમ્સ પહોંચ્યા હતા, જો કે ડૉક્ટરે સ્થિતિને જોતા તત્કાલ દાખલ કરવાનો નિર્ણય લીધો હતો. આ પહેલીવાર નથી જ્યારે ધનખડને જાહેર જીવનમાં આવી સમસ્યાનો સામનો કરવો પડ્યો હોય. ઉપરાષ્ટ્રપતિ રહેવા દરમિયાન પણ તેઓ કચ્છના રણ, ઉત્તરાખંડ, કેરળ અને દિલ્હીમાં અનેક વખત જાહેર કાર્યક્રમો દરમિયાન અસ્વસ્થ થઈને બેહોશ થઈ ચૂક્યા છે.

ઉલ્લેખનીય છે કે, જગદીપ ધનખડે ગત્ત વર્ષે ૨૧ જુલાઈના રોજ પોતાની ખરાબ તબિયતનો હવાલો ટાંકતા ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે પોતાના રાજીનામા અંગે સ્પષ્ટતા કરી હતી કે, હવે તેમની પ્રાથમિકતા સ્વાસ્થ છે અને તેઓ ડોક્ટરની સલાહનું ગંભીરતાથી પાલન થઈ શકે તે માટે તત્કાલ પ્રભાવથી પોતાની જવાબદારી છોડી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મોકલેલા પોતાના રાજીનામા અને અધિકારીક પત્રમાં ધનખડે ઉલ્લેખ કર્યો હતો કે, ‘સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા તથા ડોક્ટર્સની સલાહનું પાલન કરવા માટે હું સંવિધાનના અનુચ્છેદ ૬૭(એ) અંતર્ગત ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પરથી મારુ રાજીનામું આપું છું.



આજ રોજ ભારતીય જનતા પાર્ટી ધાનેરા શહેર યુવા મોરચા દ્વારા ગતિશીલ વિચારક, યુગના પ્રણેતા, યુવાનો માટે આદર્શ, વૈશ્વિક ક્ષિતિજ પર ભારતીય ફિલોસૂફીને પ્રકાશિત કરનાર આધ્યાત્મિક ગુરુ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ પર, તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અને પુષ્પ અર્પણ કર્યા અને આ કર્યાં કર્મ મો ધાનેરા વિધાન સભા ના આગેવાન ભગવાનદાસ પટેલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અનિલ ભાઈ રાઠોડ, ધાનેરા શહેર પ્રમુખ તરુણ ભાઈ મોદી, તાલુકા પૂર્વ પ્રમુખ જગદીશભાઈ પટેલ, ધાનેરા શહેર મહામંત્રી જબ્બર સિંહ રાજપૂત, રાજુભાઇ ત્રિવેદી યુવા મોરચા ના કાર્યકર્તા હાજર રહ્યા હતા અને આપ સૌ ને રાષ્ટ્રીય યુવા દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.



અરવલ્લી જિલ્લાના ભિલોડા વન નોર્મલ ટ્રેન કચેરીએ કરુણા અભિયાન ની રેલીનું ભિલોડા મામલતદાર બીજી ડાભી તેમજ ફોરેસ્ટ ઓફિસર શૈલેષ સિંહ સ્થાન કરાવ્યું હતું આ રેલી ભિલોડા બજાર વિસ્તારમાં ચાઈની દોરી તેમજ સવાર પતંગ ના ઉડાડવા માટેની વિનંતી સાથે જન જાગૃતિ રેલી યોજના જીવ દયા પ્રેમી પંકજભાઈ પટેલ તેમજ ટીમ સાથે હાજરી રહી હાજર રહી રેલી ને સફળ બનાવી હતી

# રેર અર્થ’ મામલે ચીનનો દબદબો થશે ખતમ? ભારતના મિત્ર રાષ્ટ્રને સમુદ્રમાં મળ્યો ’ખજાનો’



દુનિયાની ટેક્નોલોજી અને મોડર્ન વોરફેર જીસ રેર અર્થ મેટલ્સ પર ચાલે છે, તેના પર અત્યારસુધીમાં ચીનનો એકતરફી કબજો રહ્યો છે. પરંતુ હવે ડ્રેગન આ મોનોપોલી તૂટવાની તૈયારીમાં છે. વર્ષ ૨૦૨૫માં ચીન દ્વારા લગાયેલા પ્રતિબંધ બાદ ભારતના દોસ્ત જાપાને મોટું પગલું ભર્યું હતું. જેમાં બેઈજિંગમાં ખળભળાટ મચી ગયો છે. હકીકતમાં એક વિશાળ જાપાની જહાજ કિંમતી ખનિજો કાઢવા માટે રવાના થયું છે, જેને લઈને દુનિયા અત્યારસુધીમાં ચીન પર નિર્ભર હતું.

રોયટર્સ અનુસાર, જાપાનનું પરીક્ષણ જહાજ ‘ચિક્યૂ‘ ટોક્યોથી આશરે ૧૯૦૦ કિલોમીટરના અંતરે મિનમિટોરી ટાપુ તરફ આગળ વધી રહ્યું છે. આ જહાજનું મિશન જટિલ છે, જે સમુદ્રની સપાટીથી ૬ કિલોમીટર નીચે જઈને ત્યાં હાજર કાદવને સપાટીએ લાવશે.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે, સમુદ્રની સપાટીએ રહેલા કાદવમાં દુર્લભ ધાતુઓનો અપાર ભંડોળ છૂપાયેલો છે. દુનિયામાં આ પહેલા વખત થશે કે જેમાં દરિયામાં આટલાં ઊંડા જઈને કાદવ નીકાળ્યા બાદ તેની ચકાસણી કરવામાં આવશે. આ જગ્યા પર ૧૩૦ લોકોના ક્રૂ અને રિસર્ચર્સની ટીમ હાજર છે, જે ૧૪ ફેબ્રુઆરી સુધી આ મિશનને પૂરું કરીને પરત આવશે.આજે આપણે જે સ્માર્ટફોનનો ઉપયોગ કરીએ છીએ, જે ઈલેક્ટ્રિક કારનું સ્વપ્ન જોઈએ છીએ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે તૈનાત મિસાઈલ સિસ્ટમ્સ બનાવવામાં રેર અર્થ ધાતુઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અત્યાર સુધીમાં જાપાન અને પશ્ચિમી દેશો આ મિનરલ્સ માટે ચીન પર આધાર રાખતા હતા. જો કે, બેઈજિંગ સાથે ચાલી રહેલા રાજદ્વારી વિવાદો વચ્ચે ચીને આ આવશ્યક ખનિજોના નિકાસ પર અનેક પ્રતિબંધો લાદ્યા છે.

ચીન તરફથી આ ×બ્લેકમેઈલિંગ× ટાળવા માટે જાપાન હવે આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે. જો આ મિશન સફળ થાય છે, તો ટેકનોલોજી ક્ષેત્રમાં પુરવઠા પર ચીનનું વર્ચસ્વ સમાપ્ત થઈ શકે છે.રિપોર્ટ મુજબ, જાપાન સરકાર છેલ્લા સાત વર્ષથી આ મિશનની તૈયારી કરી રહ્યું હતું. સરકાર સમર્થિત આ પ્રોજેક્ટના હેડ શોઈચી ઈશીએ જણાવ્યું કે, આ ક્ષણ તેમના માટે ખુબજ ભાવુક કરનારી હતી. તેમનું જહાજ શિજુઓકા પોર્ટથી રવાના થઈ ગયું છે, ત્યારે બેકગ્રાઉન્ડમાં બરફથી ઢંકાયેલું માઉન્ટ ફૂજી દેખાય રહ્યું હતું. શોઈચી ઈશીનું માનવું છે કે, દરિયાની સપાટીથી ૬ કિલોમીટર નીચેથી સંસાધનો કાઢવા એ એક મોટી તકનીકી ઉપબલ્ધી હશે અને જે જાપાનની સંસાધન પ્રાપ્તિની પદ્ધતિઓને સંપૂર્ણપણે બદલી નાખશે.ગત અઠવાડિયે ચીને જાપાનની સેના અને સિવિલિયનના ઉપયોગમાં લેવાત ‘ડુઅલ-યૂઝ‘ સામાન અને કેટલાક ખાસ મિનરલ્સની નિકાસ પર રોક લગાવી છે. જાપાનના મીડિયા રિપોર્ટ મુજબ, ચીન આ રોકને વ્યાપક કરવાની વિચારણા કરી રહ્યું છે.

# ’સોમનાથ સ્વાભિમાન પર્વ’ હવે તા.૧૫ જાન્યુઆરી સુધી યોજાશે

ગીર સોમનાથ,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં તા.૮ થી ૧૧ દરમિયાન ‘સોમનાથ સ્વાભિમાન પર્વ‘ની ભવ્યાતિભવ્ય ઉજવણી સોમનાથ ખાતે કરવામાં આવી રહી છે.

વડાપ્રધાનશ્રીએ આજના તેમના વક્તવ્યમાં પણ લોકોની શ્રદ્ધા આસ્થા અને ભગવાન ભોળાનાથ પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને ધ્યાનમાં રાખીને વધુમાં વધુ લોકો તેનો લાભ લઈ શકે તે માટેનો ભાવ વ્યક્ત કર્યો હતો.

લોકોની લાગણી અને માગણી ધ્યાનમાં રાખી અને આ પર્વની ઉજવણી તા.૧૫ જાન્યુઆરી સુધી લંબાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

પ્રવક્તા અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં સોમનાથમાં ‘સોમનાથ સ્વાભિમાન પર્વ‘ની ઐતિહાસિક રીતે ઉજવણી થઈ રહી છે.આ પર્વ અન્વયે વડાપ્રધાનશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ ‘શૌર્યયાત્રા‘માં એક લાખ કરતા વધુ લોકો સહભાગી થયા હતાં અને ભગવાન શિવની ભક્તિમાં લોકો લીન થયા હતાં.

તા.૮ થી ૧૧ જાન્યુઆરી સુધી જે રીતે કાર્યક્રમો યોજાયાં હતાં. એ જ શૃંખલામાં તા.૧૫ જાન્યુઆરી સુધી આ અતૂટ શ્રદ્ધાના ૧૦૦૦ વર્ષની ઉજવણી કરવામાં આવશે. જેમાં સમગ્ર ભારત દેશમાંથી શ્રદ્ધાળુઓ સહભાગી થશે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય મંત્રીમંડળના સભ્યોસહિત સમગ્ર વહીવટી તંત્રના સફળ પ્રયત્નોને કારણે આ પર્વ સફળતાથી ચાલ્યું છે.ભક્તિમય વાતાવરણમાં શ્રદ્ધાળુઓને અનેકવિધ પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર સાથે રોશનીનો રોમાંચ પણ માણવા મળશે.આ પર્વ અન્વયે વડાપ્રધાનશ્રીની ગરીમામય ઉપસ્થિતિમાં ૭૨ કલાકનો અખંડ ઓમકાર નાદ, ૩૦૦૦ ડ્રોનનો મેગા શો અને ૧૦૮ અશ્વોની શૌર્ય યાત્રા તેમજ વિવિધ રાજ્યો માંથી સોમનાથ ખાતે પધારેલા કલાકારોની અનેકવિધ કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી.ભારતીય સંસ્કૃતિના વારસા અને વિરાસતને પુનઃસ્થાપિત કરતા આ ધાર્મિક પ્રસંગને દેશભરના વધુમાં વધુ લોકો માણી શકે એ માટે તારીખ ૧૫ જાન્યુઆરી સુધી આ પર્વ લંબાવવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.

## અમેરિકન પ્રમુખ ના નિવેદનથી અનેક દેશોની ચિંતા વધારી!!

# ટ્રમ્પની ’સ્વતંત્રતા’ ટિપ્પણી બાદ, ઈરાનમાં સંભવિત યુએસ હસ્તક્ષેપ માટે ઇઝરાયલ ’હાઈ એલર્ટ’ પર



જેરુસલેમ,

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન માટે તેમની યોજના અંગે મોટો સંકેત આપ્યાના કલાકો પછી, જ્યારે ત્યાંના અધિકારીઓ વર્ષોમાં સૌથી મોટા સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનનો સામનો કરી રહ્યા છે, ત્યારે ઈઝરાયલ આ અંધાધૂંધીમાં કોઈપણ અમેરિકન હસ્તક્ષેપની શક્યતા માટે ઉચ્ચ ચેતવણી પર હોવાનું કહેવાય છે.

સમાચાર એજન્સી રોઈટર્સ અનુસાર, જેણે સપ્તાહના અંતે ઈઝરાયલી સુરક્ષા બેઠકોમાં હાજરી આપનારા ત્રણ લોકોના હવાલાથી જણાવ્યું હતું કે, ઈઝરાયલ ઈરાનમાં યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા સંભવિત કાર્યવાહી માટે તૈયારી કરી રહ્યું છે, જ્યાં હિંસક વિરોધ પ્રદર્શનોમાં ૧૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે.

શનિવારે ફોન પર વાતચીત દરમિયાન, ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને યુએસ વિદેશ સચિવ માર્કો રુબિયોએ ઈરાનમાં અમેરિકન હસ્તક્ષેપની શક્યતા વિશે વાત કરી હતી, સૂત્રએ સમાચાર એજન્સીને જણાવ્યું હતું.

ટ્રમ્પે યુએસ હસ્તક્ષેપનો સંકેત આપ્યો

શનિવારે ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટમાં, યુએસ નેતાએ કહ્યું કે ઈરાન ×સ્વતંત્રતા તરફ જોઈ રહ્યું છે× અને ઉમેર્યું કે અમેરિકા વિરોધીઓને ટેકો આપવા તૈયાર છે.

×ઈરાન સ્વતંત્રતા તરફ જોઈ રહ્યું છે, કદાચ પહેલા ક્યારેય નહીં. યુએસએ મદદ કરવા તૈયાર છે!!!× પોસ્ટમાં કહેવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, ટ્રમ્પે તાજેતરના દિવસોમાં વારંવાર ચેતવણીઓ આપી છે, હસ્તક્ષેપની ધમકી આપી છે અને ઈરાનના નેતાઓને પ્રદર્શનકારીઓ પર બળનો ઉપયોગ કરવા સામે ચેતવણી આપી છે.

ન્યૂ યોર્ક ટાઈમ્સે અહેવાલ આપ્યો છે કે ટ્રમ્પને તાજેતરમાં લશ્કરી હુમલાના સંભવિત વિકલ્પો વિશે માહિતી આપવામાં આવી હતી. અખબાર સાથે વાત કરતા યુએસ અધિકારીઓએ જણાવ્યું હતું કે ટ્રમ્પે હજુ સુધી બીજી હસ્તક્ષેપ અંગે અંતિમ નિર્ણય લીધો નથી.

ઈરાન વિરોધ


ઈરાને બે અઠવાડિયા પહેલા તેહરાનમાં આર્થિક મુદ્દાઓ પર શરૂ થયેલા પ્રદર્શનો માટે અમેરિકાને દોષી ઠેરવ્યું છે, પરંતુ પાછળથી મૌલવી નેતૃત્વને દૂર કરવાના આહ્વાન પર તે દેશભરમાં ફેલાઈ ગયું હતું.

દેશના એટર્ની જનરલ, મોહમ્મદ મોવાહેદી આઝાદે, લોકોને મૃત્યુદંડની ધમકી આપતા કહ્યું હતું કે વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા બધાને ‘ઈશ્વરના દુશ્મન‘ ગણવામાં આવશે. એક મીડિયા અહેવાલમાં જણાવાયું છે કે ઈરાનમાં, આ ગુનો ઈસ્લામિક કાયદા હેઠળ મૃત્યુદંડની સજાપાત્ર છે.મીડિયા સૂત્રો દ્વારા તાજેતરના અહેવાલમાં યુએસ સ્થિત માનવાધિકાર સંસ્થાને ટાંકીને અહેવાલ આપવામાં આવ્યો છે કે ૨૮ ડિસેમ્બરથી વિરોધ પ્રદર્શનો શરૂ થયા ત્યારથી ઓછામાં ઓછા ૧૧૬ લોકો માર્યા ગયા છે.

# ભારતના પડોશી દેશમાં ફરી રાજાશાહીની માંગ, ચૂંટણી પહેલા મોટી સંખ્યામાં રસ્તા પર ઉતર્યા લોકો



નેપાળમાં આગામી સામાન્ય ચૂંટણીઓ પહેલા રાજકીય ગરમાવો તેજ થયો છે. રવિવારે રાજધાની કાઠમંડુમાં સેંકડો રાજાશાહી સમર્થકોએ રસ્તા પર ઉતરીને દેશમાં ફરીથી રાજાશાહી સ્થાપિત કરવાની માંગ સાથે વિશાળ રેલી યોજી હતી. ૧૮મી સદીમાં શાહ વંશનો પાયો નાખનાર પૃથ્વી નારાયણ શાહની જન્મજયંતિના અવસરે આયોજિત આ રેલીમાં પ્રદર્શનકારીઓએ ‘અમે અમારા રાજાને પ્રેમ કરીએ છીએ‘ અને ‘રાજાને પાછા લાવો‘ જેવા નારા લગાવ્યા હતા. નોંધનીય છે કે ‘જેન-ઝી‘ આંદોલન અને ત્યારબાદ સપ્ટેમ્બરમાં થયેલી હિંસા પછી રચાયેલી વચગાળાની સરકારના શાસનકાળમાં મોટી સંખ્યામાં રાજશાહી સમર્થકોની રસ્તા પર ઉતર્યા હતા. રાજાશાહી સમર્થકોની દલીલ છે કે વર્ષ ૨૦૦૮માં રાજા જ્ઞાનેન્દ્ર વિક્રમ શાહને ગાદી પરથી હટાવ્યા બાદ અમલી બનેલી ગણતંત્ર વ્યવસ્થા દેશને સ્થિરતા આપવામાં નિષ્ફળ રહી છે. તેમજ પ્રદર્શનકારીઓના મતે વર્તમાન રાજકીય અસ્થિરતા અને અવ્યવસ્થાનો એકમાત્ર ઉકેલ રાજાની વાપસી છે, જે દેશમાં ફરીથી એકતા સ્થાપિત કરી શકે છે. માર્ચમાં યોજાનારી સંસદીય ચૂંટણીઓ પૂર્વે આ આંદોલને નેપાળમાં નવી રાજકીય ચર્ચા જગાવી છે. જોકે, ભૂતકાળમાં આવી રેલીઓ દરમિયાન હિંસા જોવા મળી હતી, પરંતુ આ વખતનું પ્રદર્શન શાંતિપૂર્ણ રહ્યું હતું. તેમ છતાં, વહીવટીતંત્રો સાવચેતીના ભાગરૂપે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત રાખ્યો હતો. નિષ્ણાતો માને છે કે ચૂંટણી નજીક આવતા જ રાજાશાહીનો આ મુદ્દો મોટું રાજકીય હથિયાર બની શકે છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS 223**

વિષયઃમનુષ્ય જીવન એટલે સત્ય પ્રેમ લાગણી વિશ્ર્વાસ શ્રદ્ધા અને હૂંફ
શીર્ષકઃપ્રગટે અદ્વૈત
પ્રકારઃપદ્ય
શબ્દ સંખ્યાઃ૧૨૦

આપણું જીવન એટલે ઋણાનુંબંધે મળવું સદા સહુને,
મળીને પ્રેમ લાગણી માનવતાની મહેક અર્પવી સહુને.

અનંતના પ્રવાસે દેહમાં ચાલે શ્ર્વાસ પ્રગટાવો આત્મ વિશ્વાસ,
મળતી રહે મિત્રો પરિવાર સહુજનની હુંફ હૈયે પ્રગટે ઉલ્લાસ.

સંસાર સાગરે જીવન નૈયા આત્મશ્રદ્ધા જ બને ખેવૈયા,
સત્યમ્ શિવમ્ સુંદરમ્ સનાતન નાદ જ્યોત પ્રગટે દિવ્યા.

કાળની કેડીએ ઘડીક સંગ પામીએ જીવન ઉમંગ પ્રેમરંગ,
પર્વતથી પ્રગટે સરિતા દોડે કૂદે નાચે મળી સાગરને બને અસંગ.

ભલે ક્ષણોમાં જીવવાનું મળ્યુ ક્ષણ પ્રેમની બનો શાશ્ર્વતી,
છોને માટીનો રહ્યો માનવી પણ માહી આત્મપ્રકાશ શાશ્ર્વતી.

હું માનવી બનું સાચો માનવ પામું પરમેશ્ર્વર કૃપા,
સત્સંગે ગુરુદેવ કૃપાએ ટળે દ્વૈત પ્રગટે અનંત અદ્વૈત.
-દેવેન્દ્ર આચાર્ય
( અમદાવાદ )

★★★★★★★

**NOGSS NO. 370**

વિષય :- મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા, હૂંફ
શીર્ષક :- જીવનસાર
પ્રકાર :- પદ્ય શબ્દો :-૮૨

મનુષ્યનું જીવન સત્યનો જ વિશ્વાસ છે,
અંધકાર વચ્ચે પણ દીપ સમો પ્રકાશ છે.
પ્રેમ વિના તો ખાલી રહે હૃદયનો દરેક શ્વાસ,
પ્રેમથી જ જીવનમાં ભરાતો ઉલ્લાસ છે.
લાગણી બોલે મૌનમાં, આંખે કરે સંવાદ,
શબ્દો કરતાં ઊંડી એની મીઠી આસ છે.
શ્રદ્ધા ટકી રહે ત્યારે ન ડગે કોઈ પગથિયું,
પથ્થર રસ્તામાં પણ દેખાય નવો પાસ છે.
વિશ્વાસ તૂટે તો બધું જ ખોખલું લાગે,
વિશ્વાસથી જ સંબંધોનું આકાશ છે.
હુંફ મળે જો દુ:ખમાં તો વેદના ઓછી થાય,
એક સ્પર્શમાં સમાઈ જાય હજાર પ્રયાસ છે.

ચંદન સોલંકી 'મહેક '
અમદાવાદ

★★★★★★

**NOG SS NO - 191**

વિષય : મનુષ્ય નું જીવન એટલે સત્ય શ્રધ્ધા...
શીર્ષક : આ પણ જરૂરી છે.
પ્રકાર -પદ્ય શબ્દો : ૧૪૮

જીંદગીમાં એ પણ જરૂરી છે,તો આ પણ જરૂરી છે,
જો શાણપણ જરૂરી છે તો,ગાંડપણ પણ જરૂરી છે.

ધર્મ ભક્તિ આસ્થા પ્રાર્થના બંદગી ને પુજા અર્ચન,
જો આસ્તિક જરૂરી છે તો નાસ્તિક પણ જરૂરી છે.

માનવજીવનના આધાર, પ્રેમ લાગણી હુંફ ને શ્રધ્ધા,
જો ભાવના જરૂરી છે તો સંભાવના પણ જરૂરી છે.

સાધુ થઈ જવા થી સંસાર થોડો ચાલે આ જગતમાં,
જો ત્યાગ જરૂરી છે તો થોડો સ્વાર્થ પણ જરૂરી છે.

તમે ઈચ્છો તો પણ શાંતિ જીવવા નહી દે લોકો અહી,
જો એકાંત જરૂરી છે તો કોલાહલ પણ જરૂરી છે.

નમતા જ રહેશો તો નજર પણ નહી મિલાવે લોકો !
જો નમ્રતા જરૂરી છે તો થોડો ઘમંડ પણ જરૂરી છે.

સકુન માટે ક્યારેક યુદ્ધ પણ અનિવાર્ય બની જાય છે,
જો શાંતી જરૂરી છે તો, થોડો સંઘર્ષ પણ જરૂરી છે.

જન્મે એટલા જીવે તો આ જગતમાં જીવી ના શકાય,
" મિત્ર " જો જીવન જરૂરી છે તો, મરણ પણ જરૂરી છે.

વિનોદ સોલંકી મિત્ર ( લખતર ).

★★★★★★★

**Nog SSO no :229**

વિષય : મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ ,લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હુંફ
શીર્ષકઃ મજબૂત માનવજીવનના અડગ આધારસ્તંભો
પ્રકારઃ ગદ્ય શબ્દોઃ ૩૫૦

ઈશ્વરની અસીમ કૃપાથી માનવીને સર્વે સજીવો સાથે સૃષ્ટિ સ્વર્ગ બનાવવાની શક્તિ આપેલ છે. માનવીને ઉત્તમોત્તમ શારીરિક શક્તિ, સંવેદનશીલ મન અને હકારાત્મક વિવેકબુદ્ધિ સાથે તેનો પ્રગતિશીલ ઉપયોગ ગીતમાં સૂચવેલો છે.

સત્યઃ જીવનના મહાસત્યોમાં જ્યારે ભૂકંપ આવે ત્યારે માનવીનું મન ડગમગી જાય છે. સત્યનો પક્ષ ત્યજીને માનવી અસત્યના માર્ગે મૂર્ખામીપૂર્વક જીવનસફર શરૂ કરે છે ત્યારે સ્વજનોની સાથેની વફાદારી છોડી જાય છે. ખોટા વિચારો, ક્ષણિક લોભલાલચ અને પ્રલોભિત મોહમાયાના ચક્કરમાં તે સ્વજનોને છોડી દુર્જનોની સાથે સંગત કરીને પ્રદૂષિત થઈ જાતને છેતરે છે.

પ્રેમ : પ્રેમાળ મન એ પ્રભુની પારસમણિથી કીમતી ભેટ માનવને પ્રભુએ આપી છે. સાચો, નિસ્વાર્થ અને ઉભયપાત્રોની ઉન્નતિ ઈચ્છતો પ્રેમ આજના કળિયુગમાં જોવા મળવો અશક્ય બની ગયો છે. ફિલ્મી-ચેનચાળા, છીછરી- વાતો,સ્વાર્થી, લોભિયો, સગવડિયો, અછકલો દેખાવ પ્રેમના નામે પ્રદર્શન પામે છે. કળિયુગમાં પ્રેમની પરખ કરવી એ ઝાંઝવાના નીર જેવી જ થઈ ગઈ છે.

લાગણીઃ માનવમનની કોમળ કલ્પનાઓ લાગણીઓના ઘોડે સવાર થઈને હકારાત્મક માનવજીવનને સાર્થક બનાવે છે. પ્રભુ જેનાથી અમાપ આનંદ પામે છે. પ્રભુએ ઋજૂ સંવેદનાઓ સાથે માનવીને લાગણીશીલ મન આપીને સ્ત્રી-પુરુષના યુગ્મને સંપૂર્ણ બનાવી દીધેલ છે.

પરસ્પરની લાગણીઓ કલ્યાણકારી, હકારાત્મક અને સમાજોપયોગી હોય તો જ તેનાથી સદભાવયુક્ત વસુધૈવ કુટુંબકમની ભાવનાવાળા સમાજનું નિર્માણ શક્ય બને છે.

વિશ્વાસઃ વિશ્વાસ વિશ્વનો શ્વાસ છે.વિશ્વાસ એટલે પારસ્પરિક ભરોસાયુક્ત સંજીવની,જે માનવસંબંધોની ઉંમર વધારીને આરામથી અંત સુધી માનવીને સંવર્ધે છે. માનવ સંબંધોની ઈમારતનો આધારભૂત શીલાસ્તંભ તો વિશ્વાસ ના પાયા પર ટકી રહે છે.

અવિશ્વાસનીઆંધી માનવીઓના સંબંધોમાં વિનાશક પરિણામ લાવી તિરાડ પહોળી થતા ઈમારતને જમીનદોસ્ત બનાવી જીવનમાં વિનાશક પરિણામ લાવી દે છે.

શ્રદ્ધાઃ માનવીની શ્રદ્ધા એ નિસ્વાર્થ કાળજી, સમર્પિત સ્નેહ,પારસ્પરિક ભરોસાયુક્ત આસ્થા અને સ્વના ભોગે અન્યનું ભલું કરવાની ભાવના જ્યાં સદાય જીવંત હોય ત્યાં જ શકય છે. ભક્તને ભગવાન, બાળકને માબાપ અને રથ ચાલકની સારથી ઉપર અતૂટ શ્રદ્ધા હોય તો જ જીવન સફર આનંદદાયક બને છે.

હૂંફઃ હુંફ એટલે ઉષ્મા, ગરમાવો અને કાળજીયુક્ત સાર-સંભાળ. મરઘી જેવા અન્ય પક્ષીઓ ઈંડા ઉપર પોચું આસન જમાવી પોતાના શરીરની ઋજુ ગરમી સંરક્ષણ કરીને સંવર્ધન કરતા બચ્ચાને જન્મ આપે છે.

માનવીય સંબંધો પણ અતિ નાજુક હોવાથી સૌનો હુંફાળો,સ્નેહાળ,સુગંધીત અને પ્રેમાળ માનવ સંબંધોનો બાગ સદાયને માટે ઉપરોક્ત પરિબળોને સુદ્રઢ કરી વિશ્વ કલ્યાણની ભાવના રાખવાથી પૃથ્વી પર સ્વર્ગ ઉતારી શકાય છે.

- પરેશ મ. પાઠક "પ્રપાશી" (બ્રેમ્પટન કેનેડા)

- ★★★★★★

**NOG: SS375**

વિષય : મનુષ્ય જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ,શ્રધ્ધા અને હૂંફ
પ્રકાર : પદ્ય
શીર્ષક : જીવનગાથા
શદસંખ્યાઃ ૧૧૮ શબ્દો

ઈશ્વરે મોકલ્યું અંકુરિત બીજને અહીં અનામી ઓળખ સાથે,
ભાગ્ય પ્રમાણે લેશે એ જન્મ, નામકરણ કરશે માવતર જાતે,
લાડકોડથી સંતાનપ્રેમમાં મુગ્ધ જે વરસાવશે પ્રેમ દિવસ ને રાતે,
લાગણીનાં વહેણમાં ખાશે કોળિયા એ મા નાં પ્રેમાળ હાથે .

રમતગમતની આવે ઉંમર, મળશે મિત્રોં ભાઈબંધો સખીઓ,
તારું, મારું, મારું, તારું સાથે કરી શીખશે પાઠ સહિયારો,
થોડું ગમતું, થોડું જતું કરી મિત્રો સંગ બાંધશે સેતુ લાગણીનો,
બાળહસ્તે જીવનભરની જમાપૂંજી સંકેલશે એ નિર્દોષ સ્મૃતિઓ,

કૂળી કૂમળી ઉંમર નાગરવેલ જેવી જીવનમાં આગળ વધવાની,
દિવસે ના વધે એટલી રાત્રે વધે ઊર્મિઓ યુવાનોનાં હૃદયની,
આશ ઊંચે ઊડવાની છતાં બે આંખોનાં સાગરમાં ડૂબવાની,
પ્રેમમાં વિશ્વાસ રાખી બે જીવોની શરૂઆત પરિણયનાં પંથની,

સત્ય,નિષ્ઠા કર્મમાં શ્રદ્ધા રાખી, કુટુંબમાં પામી હૂંફ પરિવારની,
જે મળતું એમાં આનંદ રાખી પાર થાય નૈયા ભવસાગરની.

જાગૃતિ દોશી મોક્ષા
(બોસ્ટન , અમેરિકા )

★★★★★★★

**NOG SS 321**

વિષય. મનુષ્યનું જીવન એટલે સત્ય,પ્રેમ,લાગણી,વિશ્વાસ,શ્રદ્ધા,અને હુંફ
પ્રકાર..ગદ્ય.શબ્દ
આભાર - નિહારીકા રવિયા ૧૧૮
શીર્ષક. જીવનનો અર્થ

મનુષ્યનું જીવન એટલે માત્ર શ્વાસ લેવું કે સમય પસાર કરવો નથી,
જીવન એટલે શ્રદ્ધા, લાગણી, પ્રેમ અને હુંફ નો જીવંત સંવાદ.
માણસ ગમે એટલી પ્રગતિ કરે, અદ્યતન સાધનો વસાવે,
નવી-નવી શોધો કરીને આકાશ સુધી પહોંચે,
પણ અંતે તો એ હૃદયનો જીવ છે.
લાગણી વગરનું જીવન મશીન સમાન છે,
કાર્ય કરે છે, ચાલે છે, પણ અનુભવે નથી.
પ્રેમ વગર સંબંધો ખોખલા બને છે,
શ્રદ્ધા વગર જીવનનો અર્થ ખોવાઈ જાય છે,
અને હુંફ વગર માણસ ભીડમાં હોવા છતાં એકલો રહી જાય છે.
વિજ્ઞાન માણસને સુવિધા આપે છે,
પણ લાગણી તેને માનવ બનાવે છે.
પ્રગતિ રસ્તો બતાવે છે,
પણ પ્રેમ એને ચાલવાની પ્રેરણા આપે છે.
એટલે કહી શકાય કે
શ્રદ્ધા, લાગણી અને પ્રેમ વગર
માણસ જીવતો તો રહે,
પણ સાચે જીવતો નથી.
??? સુચિતા રાવલ
ગાંધીનગર

★★★★★★★

**NOG SS No : 0110**

વિષય- મનુષ્યજીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફ
શીર્ષક- મનુષ્યજીવન જીવંત કે શુષ્ક?
પ્રકાર- ગદ્ય- શબ્દ- ૩૪૮

મનુષ્યના જીવનમાં સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફ આ બધા પરિબળો ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે. તેમને ધારણ કરવા કે તેમનું વહન કરવું એ મનુષ્યના આંતરિક ગુણો ઉપર આધારિત છે. જેમ માણસ તેના બાહ્ય વસ્ત્રો અને દેખાવથી દીપી ઊઠે છે, બરાબર એ જ રીતે મનુષ્ય ઉપરના દરેક ગુણ ધારણ કરીને પોતાના વ્યક્તિત્વને કંઈક અલગ જ મુકામ ઉપર પહોંચાડી શકે છે. આ બધા ગુણો મનુષ્યને કૌટુંબિક, વ્યવસાયિક, સામાજિક, એવા અનેક વર્તુળોમાં મોભાનું સ્થાન અપાવે છે અને માન-સન્માનનો અધિકારી બનાવે છે.

બોલવામાં સરળ લાગતા આ દરેક પરિબળો નિષ્ઠા અને પ્રમાણિકતાથી ધારણ કરવામાં એટલા જ મુશ્કેલ છે. સત્ય જેટલું કડવું હોય છે એટલું જ તેનું અપનાવવું અને પાલન કરવું અઘરું હોય છે. સાચી વાત એ છે કે અસત્ય સહેલાઈથી બોલાય છે અને અન્યને સરળતાથી પાચ્ય બને છે, તેથી અસત્યનો આંચળો ઓઢીને ફરનારા વ્યક્તિઓનો સમૂહ વધતો જાય છે અને તેમનું આચરણ વાહવાહી મેળવે છે. જોકે એક વાત ભૂલવી ન જોઈએ કે કોઈપણ અસત્ય ભલે ને કેટલુંય શર્કરામિશ્રિત લાગે, તે અલ્પ આયુષ્ય ધરાવે છે, અને છેવટે આપસી સંબંધોમાં કડવાશ જ ફેલાય છે.

આ જ પ્રમાણે પ્રેમ, લાગણી અને હૂંફ કોઈપણ મનુષ્યની સંવેદનશીલતા પ્રગટ કરે છે. ચાહે તે પત્ની/પ્રેયસી હોય, સંતાન હોય ભાઈ-બહેન હોય કે માતા-પિતા સમકક્ષ હોય, મનુષ્યનો તેના તરફનો લગાવ અથવા ખેંચાણ જે તે પાત્ર પ્રત્યેના પ્રેમ અને લાગણીને પ્રદર્શિત કરે છે. આવા આત્મીય સંબંધોમાં ઉષ્મા જાળવી રાખવા પરસ્પર હૂંફની પણ જરૂર પડે છે. આ લાગણીભરી હૂંફ આપસી સંબંધોને તાજગી પૂરી પાડી જીવંત બનાવે છે.

વિશ્વાસ અને શ્રદ્ધા આપસમાં સંકળાયેલા છે. વિશ્વાસ મનુષ્યને પોતાના કાર્યમાં અડગ મનોબળ પૂરું પાડે છે. જાત ઉપર વિશ્વાસ રાખવાના ગુણને આત્મવિશ્વાસ કહીએ છીએ, જે માણસને ન ધારેલી સફળતા અપાવે છે. બીજા ઉપર વિશ્વાસ રાખવાની પ્રક્રિયાને વિસ્તૃત અર્થમાં આપણે 'શ્રદ્ધા'નું નામ આપીએ છીએ, જેમાં આપણું સારું કરવાની કે ઈચ્છિત સફળતા અપાવવાની જવાબદારી આપણે ન જોયેલા અથવા અજાણ્યા પરિબળોને સોંપીને નિશ્ચિંત થઈ જઈએ છીએ.

એટલું જરૂર કહી શકીએ કે આ દરેક પરિબળોની હાજરી વગર મનુષ્યજીવન શુષ્ક બની જાય છે, જ્યારે તેને ધારણ કરવાથી મનુષ્યજીવન જીવંત બને છે.

નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

# બેકાર તરીકેનું કપાળ પર ચિપકાયેલ લેબલ ભૂંસવું છે?

મિ.રાજુ, તમે કંઇ પોસ્ટ માટે એપ્લાય કર્યું તે ખબર છે?' નોકરીના ઈન્ટરવ્યુમાં લી નામના ઓફિસરે સવાલ પૂછયો.

' યેસ સર, મને બધી ખબર છે. હું પૂરી તૈયારી સાથે આવ્યો છું. આઈ એમ નોટ બાર્બર વિધાઉચ રેઝર.' રાજુએ સ્વયંસ્પષ્ટ જવાબ આપ્યો.

' તમારૂ બ્લડ પ્રેશર કેટલું રહે છે?' યાંગ નામના અધિકારીએ પૂછયું.

' સર મારી બ્લડ પ્રેશર ૯૦-૧૨૦ છે.' રાજુએ બ્લડ પ્રેશરનો રિપોર્ટ વુ નામના અધિકારીને આપ્યો.

' તમારો ડાયાબિટીસ રિપોર્ટ આપો.'લીએ સૂચના આપી.
' સર, જમ્યા પહેલાં ૧૦૯ અને જમ્યા પછી ૧૩૦બ્લડ શ્યુગર રહે છે.

' સર, આ મારો ડાયાબિટીસ રિપોર્ટ .' રાજુએ લીને વધુ એક ઔર રિપોર્ટ પકડાવ્યો.રાજુનો ડાયાબિટીસ અન્ડર કન્ટ્રોલ હતો .રાજુનો હીમોગ્લાબીન, લિપિડ ટેસ્ટ થાઉરોઈડ વગેરેના રિપોર્ટ પણ ચકાયાયા.

'તમે માઈનસ દસ ડીગ્રીમાં કામ કરી શકશો?' જિયાંગ નામના બીજા અધિકારીએ પૂછયું.

' એટલે કે મારે હિમાલય પર્વતમાં રહીને કામ કરવાનું છે. માઈનસ ડિગ્રીમાં કામ કરવામાં શારીરિક તકલીફ થશે . પરંતું, ગરમ દરમ ચા કે સુપની ચુસ્કી મારી ઠંડી ભગાડી દઈશ.' રાજુએ ખુમારીપૂર્વક જવાબ આપ્યો. રાજુના' ઘટમાં ઘોડા થનગનતા હતા અને યૌવન માંડે આંખ' પંક્તિ મુજબ પડકારજનક નોકરી મેળવવાનો અદમ્ય ઉત્સાહ હતો.
' મિ. રાજુ, તમારો ઈકો કાર્ડિયોગ્રામ આપો.' લીએ રાજુને ઈસીજી આપવા સૂચના આપી

' સર, મે આજે જ મારો ઈકો કઢાવેલો છે.' એમ કહી રાજુએ પોતાને ઈકો લીને આપ્યો.
'આભાર મિ. રાજુ.' આમ કહી લીએ રાજુનો ઈકો ડોકટરને આપ્યો . હૃદયની અંદર વીજતરંગો ઉત્પન્ન થાય છે અને આ તરંગોને કારણે હૃદય સતત ધબકતું હોય છે. દરેક ધબકારો વિદ્યુતસ્પંદનથી શરૂ થાય છે અને એ વખતે હૃદય સંકોચાય છે. હૃદયમાં વિદ્યુતપ્રવાહ જે ગતિએ થતો હોય એ મુજબ હૃદયનું સંકોચન અને વિસ્તરણ થતું હોય છે. ઈસીજી મશીન દ્વારા વીજપ્રવાહનું કાગળ પર રેખાંકન લેવામાં આવે છે. આનાથી હાર્ટને અટૅકથી થયેલું નુકસાન કે હૃદયની તાલબદ્ધતા અને ગતિમાં અનિયમિતતા કેટલી છે એનું વિકલેષણ કરી શકાય છે.ડોકટરે જોયું કે ઈકો શેરબજારના ઈન્ડેકસની જેમ ચડઊતર કરતો ન હતો. ચોક્કસ પોઈન્ટની આજુબાજુ એકધારો સ્ટેડી જણાતો હતો.
' તમે કદી એન્જિયોગ્રામ કે સ્ટેન્ટ લગાવેલ છે? અમારે મજબૂત હદય ધરાવતા એમ્પ્લોયીની જરૂર છે. તમે ટ્રેડમિલ ટેસ્ટ ટીએમટી રિપોર્ટ લાવ્યા છો?' ત્રીજા અધિકારીએ એક વધુ રિપોર્ટ માંગ્યો.

' મે ક્યારેક એન્જિયોગ્રાફી કે એન્જિયોપ્લાસ્ટી કરાવી નથી. આ મારો ટ્રેડમિલ રિપોર્ટ.' આમ કહી રાજુએ ટીએમટી રિપોર્ટ ડોક્ટરને આપ્યો.

' તમારો એચઆઈવી રિપોર્ટ ?'વુશ નામના ડોકટરે પૂછયુ.
'સર મારો એચઆઈવી રિપોર્ટ નેગેટીવ છે.' રાજુએ રિપોર્ટ રજૂ કર્યો.

' તમને પગાર સિવાય બીજા પર્કસ એટલે ભથ્થા મળશે નહીં' લીએ રાજુને નોકરીની શરત કહી.

' નો પ્રોબ્લેમ.' રાજુએ સંમતિ આપી.
' તમને પ્રોડકટિવીટી બોનસ મળવાપાત્ર નથી.' જિયાંગ નામના અધિકારીએ જણાવ્યું.

' નો ઈસ્યુ સર.' રાજુએ શરણાગતિ સ્વીકારી.

' તમને મોર્ચરીમાં જવા ગ્લોવ્ઝ કે ઓવરકોટ કંપની તરફથી મળશે નહીં.' વુશ નામના અધિકારીએ બીજી શરત રજૂ કરી.

' હું જાણું છું , સર.' રાજુનો જવાબ .
' તમારે ત્રણ શિફટમાં કામ કરવાનું રહેશે. અઠવાડિક રજા મળશે નહીં. સ્ટાફની તંગી હોય તો રાતદિવસ જાયા વગર કામ કરવાનું રહેશે.' જિયાંગે રાજુહિતમાં વિગતો જારી કરી.
'મને કંપનીની વર્ક સ્ટાઈલની જાણકારી છે.ઓબાઓ નામના ત્રીસ વર્ષીય યુવકે સતત એકસો ચાર દિવસ કોઇ કંપનીનાં સતત કામ કરતા તેના અંગો કામ કરતા બંધ થતાં અવસાન થયેલ તે વિગતો જાણું છું.' રાજુએ પુરાવા સહિત કામકાજના કલાકોની વિગતો શેર કરી.
રાજુ રદીએ કંઇ જગ્યા પર નોકરી કરવા અરજી કરી હશે એવો સવાલ વાંચતો તમારા મનમાં થયો હશે. રાજુ સાવ બેરોજગાર હતો. તેણે સ્વરોજગારના નામે પાણીમાં પકોડા તળ્યા. દેશમાં એટલા બધા બેરોજગાર પકોડા સેનેટરો ખુલી ગયેલા કે રાજુએ બનાવેલ પકોડા કોણ ખરીદે અને કોણ ખાય? અગ્નિવીર યોજનાની ભરતીમાં પણ આટલો લાંબો ઈન્ટરવ્યુ કે પડપૂછ ન હોય.ચાર વરસની નોકરી માટે ચાર પ્રશ્ન કાફી કહેવાય. રાજુ રદીને નીતિ આયોગનો સીઈઓ તો કોઇ બનાવે નહી. એક દેશમાં એક કૂતરાંને દતક લેનારને ત્યાંની સપકાર કૂતરાદીઠ સાડા ચાર હજાર રૂપિયા આપે છે. રાજુ રૂપિયા માટે રબારી થાય નહીં.અફઘાનિસ્તાનના શિક્ષણમંત્રી ભણવાને બદલે બોમ્બ બનાવવાની તાલીમ લેવાની યુવાનોને નસીહત આપે છે.
રાજુ રદીએ રૂશાન શિનમાઈક હ્યુમન રીસોર્સીસ કંપની લિમિટેડની એક જાહેરખબર જોઈને નોકરી માટે અરજી કરેલી.એ કંપની ચીનના શૈડોંગ પ્રાંતમાં અંતિમ સંસ્કારની સેવા આપવાનું કામ કરે છે. પ્રાચીન સમયમાં મૃતદેહોની અંતિમ વિધિ ચાંડાલ લોકો કરતા હતા. આ નોકરી ચાંડાલનું સુધારેલું રૂપ હતું. જેમાં મૃતદેહને મોર્ચરીમાથી લાવવા ન્યુનતમ દસ મિનિટ ફ્રીજીંગ ટેમ્પરેચરમાં રહેવું ફરજિયાત હતું. આ કામ માટે પગાર માત્ર પચ્ચીસ હજાર રૂપિયા મળનાર હતો.
રાજુ રદીએ નોકરીની બોલી અને શરતો જાણીને જય રણછોડ થવાનો માર્ગ અખત્યાર કર્યો એવું મે ચંદુ ચૌદસ પાસેથી સાંભળ્યું છે. આ જગ્યા હજુ ખાલી છે. વાંચકો તમે બેકાર હોવ તો અત્યારે જ ફોર્મ ભરી નોકરી પાકી કરો.કમસે કમ તમારા કપાળ પરથી બેરોજગારનું લેબલ તો ભૂંસાશે!
ભરત વૈષ્ણવ

## નવા વાઘોડિયા ગામે નવી રેલવે લાઈન કામગીરીથી નુકસાન

# બ્લાસ્ટિંગના નિયમ ભંગ પુનરાવર્તન અને વળતર મુદ્દે જિલ્લા કોંગ્રેસની કલેક્ટર સમક્ષ રજૂઆત




મોડાસા ૧૨/૧/૨૦૨૬ મોડાસા તાલુકાના નવા વાઘોડિયા ગામે ચાલી રહેલી મોડાસા ટીંટોઈ નવી રેલવે લાઈનની કામગીરીથી ગ્રામજનોને થતું ગંભીર નુકસાન બાબતે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ગામના આગેવાનો સાથે મળીને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું

આ રજૂઆતમાં રેલ્વે લાઈન માટે ડુંગર તોડવાની પ્લાસ્ટિક કામગીરી દરમિયાન નિયમો અને સુરક્ષા ધોરણોનું પાલન નક થાવાને કારણે મકાનોને થયેલ નુકસાન ગ્રામજનોમાં ફેલાયેલા ભય અને અસંતોષ અંગે વિગતવાર ધ્યાન દોરવામાં આવ્યું ઉપરાંત રેલ્વે લાઈનમાં આવતા આશરે ૨૩ મકાનો દૂર કરાયા હોવા છતાં પરિવારોને હજુ સુધી પુનરાવર્તન માટે અન્ય સ્થળે પ્લોટ ફાળવવા યા નથી તેની તાત્કાલિક વ્યવસ્થા કરવાની માંગ કરવામાં આવી આ સાથે ગામનો ચબૂતરો પાણીનો બોર હવાડો અને પીકઅપ સ્ટેન્ડ જેવી જાહેર ઉપયોગી સુવિધાઓ દૂર કરાવી હોવા બદલ યોગ્ય વળતર ચૂકવવાની પણ રજૂઆત કરવામાં આવી

જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરૂણભાઈ પટેલે કલેક્ટરને રજૂઆત કરી કે બ્લાસ્ટિંગ કામગીરી સંપૂર્ણ સુરક્ષા અને નિયમો અનુસાર થાય અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક પુનઃ વસંત મળી અને ગામની જાહેર સંપતિ માટે ન્યાયસંગત વળતર ચૂકવવામાં આવે આ પ્રસંગે અરૂણભાઈ પટેલ સરપંચ મંગુસિંહ પરમાર રાજુભાઈ ઠાકોર નવલસિંહ સોલંકી શહીદ ગામના આગેવાનો રજૂઆતમાં જોડાયા હતા



બોટાદ વોર્ડ નં ૯ માં ભૈરવાચોક થી રામજી મંદિર વિસ્તાર માં પેવર બ્લોક રોડ નું ખાત મુહર્ત કરવામાં આવ્યું

આજરોજ તા.૧૨/૧/૨૦૨૫/ ના રોજ વોર્ડ નં ૯ માં ભૈરવાચોક થી રામજી મંદિર વિસ્તાર માં પેવર બ્લોક રોડ નું ખાત મુહર્ત કરવામાં આવ્યું તેમાં અંદાજિત ખર્ચ ૫૫ લાખ ના ખર્ચે બનાવવામાં આવશે તેમાં વોર્ડ નંબર ૯ ના કોર્પોરેટર સતુભાઈ ધાધલ તેમજ બોટાદ નગરપાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન જોટાણીયા તેમજ ઉપ પ્રમુખ નીરૂબેન ત્રાસડીયા તેમજ દલસુખભાઈ અમદાવાદી રમેશભાઈ મકવાણા તેમજ અશોકભાઈ સમ્રાટ નયનાબેન સરવૈયા તેમજ ચેતન ઝાલા તેમજ રસીકભાઈ સરવૈયા તેમજ વોર્ડ નંબર ૯ ના આગેવાનો હજાર રહ્યા હતા

# વધઈના રૂક્ષ્મણી ક્લિનિકમાં સારવાર બાદ દર્દીની હાલત લથડી: શું પ્રતિબંધિત દવાઓનો ખેલ ખેલાઈ રહ્યો છે

વધઈ, ડાંગ:

ડાંગ જિલ્લાના વધઈ ખાતે કાર્યરત રૂક્ષ્મણી ક્લિનિક ફરી એકવાર વિવાદના ઘેરામાં આવ્યું છે. ક્લિનિક ચલાવતા રાજુ ક્ષીરસાગર નામના શખ્સ દ્વારા આપવામાં આવેલી દવાની આડઅસરને કારણે એક દર્દીની તબિયત ગંભીર રીતે બગડતા આરોગ્ય વિભાગની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.

?ઘટનાની વિગત:

?મળતી માહિતી મુજબ, એક દર્દી સામાન્ય માથાના દુખાવાની ફરિયાદ સાથે રૂક્ષ્મણી ક્લિનિકમાં સારવાર માટે ગયો હતો. ત્યાં હાજર રાજુ ક્ષીરસાગર દ્વારા




દર્દીને માથાના દુખાવા માટે અમુક ટેબ્લેટ (ગોળીઓ) આપવામાં આવી હતી. આશ્ચર્યજનક અને ડરામણી બાબત એ છે કે, દવા લીધાની માત્ર ૧૦ જ મિનિટમાં દર્દીને ખેંચ (આંચકી) આવવા લાગી હતી અને તેની શારીરિક સ્થિતિ અત્યંત નાજુક બની ગઈ હતી.

?ઉઠતા ગંભીર સવાલો:

?આ ઘટનાને પગલે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે અને કેટલાક ગંભીર પ્રશ્નો ઉઠી રહ્યા છે:

?શું રાજુ ક્ષીરસાગર પાસે મેડિકલ પ્રેક્ટિસ કરવા માટેની માન્ય ડિગ્રી છે?

?શું ક્લિનિકમાં સરકાર દ્વારા પ્રતિબંધિત (મ્ફ્રહહીક્ષ ક્ષ્ગ્નિજ) કરવામાં આવેલી સસ્તી અને જોખમી દવાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે?

?સામાન્ય માથાના દુખાવામાં ખેંચ આવી જાય તેવી કઈ દવા દર્દીને આપવામાં આવી હતી?

?તંત્ર પાસે તપાસની માંગ:

?સ્થાનિક લોકો અને જાગૃત નાગરિકોની માંગ છે કે ડાંગ જિલ્લા આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર તત્કાલ આ ક્લિનિક પર દરોડા પાડે. દવાનો જથ્થો સીઝ કરવામાં આવે અને તેની લેબોરેટરી તપાસ કરવામાં આવે કે તેમાં કયા કેમિકલ્સનો ઉપયોગ થાય છે. જો આ ક્લિનિક વગર ડિગ્રીએ કે પ્રતિબંધિત દવાઓ સાથે ચાલતું હોય, તો જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવી અનિવાર્ય છે જેથી કોઈ નિર્દોષનો જીવ ન જાય.

# સરકારી વિનયન કોલેજ, અમીરગઢ ખાતે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી અંતર્ગત વ્યાખ્યાન યોજવામાં આવ્યું.




રોજ સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં સ્વામી વિવેકાનંદજીની ૧૬૩ મી જન્મજયંતી નિમિત્તે ઈનોવેશન ક્લબ, જ્ઞાનધારા અને એન.એસ.એસના ત્રિવિધ ઉપક્રમે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, સમી ખાતે ફરજ બજાવતાં અંગ્રેજી વિભાગના અધ્યાપક ડૉ. અમર ચક્રવર્તી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. જેમણે સ્વામી વિવેકાનંદજીના જીવન વિષયક એમણે કરેલા કાર્યો વિશે, ભારત અને ગુજરાત ભ્રમણ, રામકૃષ્ણ મિશન વિશે, શિકાગો ધર્મ પરિષદમાં વિવેકાનંદનો પ્રભાવ તેમજ રાષ્ટ્રના વિકાસમાં યુવાઓની ભૂમિકા, રાષ્ટ્ર પ્રથમના ધર્મ સાથે સાંપ્રતમાં યુવાઓ, વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદના જીવનમાંથી આત્મસાત કરવા યોગ્ય ગુણો, આદર્શો, ધ્યેય વાક્યોનો પોતાના જીવનમાં કેવી રીતે વિનિયોગ કરી શકે તેનું વૈવિધ્યસભર દૃષ્ટાંતો દ્વારા પીપીટીના માધ્યમથી રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. જેમાંથી વિદ્યાર્થીઓને યોગ્ય પ્રેરણા અને માર્ગદર્શન સાંપડ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં ૩૦ વિદ્યાર્થી ભાઈઓ તથા ૨૯ બહેનો મળીને ૫૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. કૉલેજના તમામ અધ્યાપકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમની આભારવિધિ હિન્દી વિભાગના પ્રો. ડૉ. નરેશ જોષી દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઈનોવેશન ક્લબના કો. ઓર્ડીનેટર ડૉ. બ્રિજેશ પુરોહિત, જ્ઞાનધારાના કૉ. ઓર્ડિનેટર ડૉ. વર્ષા ચૌધરી અને એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મહેશ પ્રજાપતિ દ્વારા સંસ્થાના આચાર્યશ્રી ડૉ. એન. કે. સોનારાના માર્ગદર્શન હેઠળ સુચારું રીતે કરવામાં આવ્યું હતું.

# જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ , બોટાદ સાહેલી અને યંગ જાયન્ટ્સ બોટાદ નો શપથ વિધિ અને પદગ્રહણ સમારોહ - ૨૦૨૬ યોજાયો




જન સેવા અને સંસ્કાર નુ સિંચન કરતી આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા જાયન્ટસ વેલ્ફેર ફાઉન્ડેશન સ્લગ્ન સેવા સંસ્થા જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ, બોટાદ સાહેલી તેમજ યંગ જાયન્ટ્સ બોટાદનો શપથ વિધિ અને પદ ગ્રહણ સમારોહ -૨૦૨૬ શ્રી લેઉવા પટેલ સમાજ ની વાડી હિફલી , બોટાદ ખાતે તા.૧૧/૧/૨૬ ના રોજ યોજવામાં આવ્યો.

આ સમારોહના અધ્યક્ષપદે જાયન્ટ્સ ફેડરેશન ઉપ પ્રમુખ ડો. કે.બી.શાહ , ઉદઘાટક પાલિકા ના પ્રમુખ ધર્મિષ્ઠા બેન જોટાણીયા, મુખ્ય મહેમાન પૂર્વ ધારાસભ્ય ડો. ટી.ડી. માણિયા તથા અતિથિવિશેષ પદે ફેડરેશનના પદાધિકારીઓ કેતન રોજેસરા, ગ્રીન મેન સી.એલ. ભીકડીયા, નિલેશ કોઠારી ,હરેશ ભાઈ અંબાસણા અને સ્થાપક પ્રમુખ ડો.લલિત બદ્રકિયા ની ઉપસ્થિતિ મા યોજાયો જેમાં મોટી સંખ્યામાં સભ્યો , ગઢડા, સુરેન્દ્રનગર ગ્રુપના આમંત્રિતો , પત્રકારો વગેરે હાજર રહેલ.

કાર્યક્રમનો શુભારંભ જાયન્ટ્સ પ્રાર્થના બાદ મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. સ્વાગત પ્રવચન પ્રમુખ ચંદુભાઈ સાવલિયા એ કરેલ. ઉપસ્થિતિ મહાનુભાવોને પુષ્પગુચ્છ થી અભિવાદન કરવામાં આવેલ.

નવ નિયુક્ત પ્રમુખ ડો. પ્રશાંત ભાઈ કળથીયા અને અમન દોશી તેમજ બોર્ડ મેમ્બર તથા નવ પ્રવેશિત સભ્યો ને શપથ વિધિ અધિકારી ક્લાબેન રાવલ દ્વારા લેવડાવવામાં આવેલ. નવ નિયુક્ત પ્રમુખશ્રીઓ નુ વિવિધ સંસ્થા દ્વારા અભિવાદન કરવામાં આવેલ. અને વર્ષ ૨૦૨૫ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરનાર સભ્યો ને એવોર્ડ આપી સન્માનિત કરેલ. મહાનુભાવો ના પ્રાસંગિક ઉદબોધન માં જાયન્ટસ સંસ્થા ની અવિરત સેવા પ્રવૃત્તિઓ બિરદાવવા માં આવેલ.

છેલ્લે રાષ્ટ્ર ગીત નુ સમૂહમાં ગાન કરવામાં આવેલ.

સમગ્ર કાર્યકમનું સંચાલન સેક્રેટરી દર્શનભાઈ પટેલ અને આભાર વિધિ દીપક માથુકીયા એ કરેલ.ત્યાર બાદ સ્વરૂચી ભોજન નો આસ્વાદ માણી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ.

સમગ્ર કાર્યક્રમ ના સુંદર અને સફળ આયોજન માં જાયન્ટસ ના હોદેદારો સભ્યો એ જહેમત ઉઠાવી હતી.

# જિલ્લામાં ૮૦૦ થી વધુ સીએસસી સેન્ટરો કાર્યરત

**ગાંધીનગર જિલ્લામાં ૨૫ સીએસસી સેન્ટરોના લોગીન આઈ.ડી તાત્કાલિક અસરથી બંધ કરાયા**

**રેટલિસ્ટ, બેનર અને પીસીસી વિના કામગીરી કરવામાં આવતી હતી: વીએલઈ સંચાલકોમાં ફફડાટ**

ગાંધીનગર જિલ્લામાં કોમન સર્વિસ સેન્ટર સંચાલનમાં થયેલા નિયમભંગ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કોમન સર્વિસ સેન્ટર દિલ્હી મુખ્ય કાર્યાલયના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લાના ૨૯ થી વધુ કોમન સર્વિસ સેન્ટર નીં‌ઢ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવી છે.

કોમન સર્વિસ સેન્ટર ગાંધીનગરના જિલ્લા પ્રબંધક હાર્દિક ઝાલા ના જણાવ્યા મુજબ, છેલ્લા સમયગાળામાં કરવામાં આવેલી તપાસ અને મોનીટરીંગ દરમિયાન અનેક કોમન સર્વિસ સેન્ટર કેન્દ્રો નિશ્ચિત સરનામા વિના, ફરજિયાત બ્રાન્ડિંગ વગર અને સેવાઓની દર યાદી પ્રદર્શિત કર્યા વિના કાર્યરત હોવાનું સામે આવ્યું હતું.

જિલ્લા પ્રબંધકે સ્પષ્ટ કર્યું કે ભવિષ્યમાં માત્ર નિયમોનું સંપૂર્ણ પાલન કરનારા કોમન સર્વિસ સેન્ટર કેન્દ્રોને જ કાર્ય કરવાની મંજૂરી મળશે.

# જન સંવાદ પરિવર્તનનો શંખનાદ

તારીખ ૧૧ ૧ ૨૦૨૬ ના રવિવારના રોજ જન શરૂઆત પરિવર્તન શંખનાદ કાર્યક્રમ હેઠળ માલપુર જિલ્લા પંચાયતની સીટ ના માનવા આવ ગોપાલપુર જયેશ વાડી મઠવાસ સુરજપુર સવાપુર રાસાપુર રફિયાના મુવાડા સુરાના પહાડિયા બાપુ સાતડા એક સાતડા બે અને સોમપુર ગામે મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું

આ કાર્યક્રમમાં સાબરકાંઠા બેંકના ડિરેક્ટર શ્રી અરવલ્લી યુથ કોંગ્રેસના પૂર્વ પ્રમુખશ્રી અને માલપુર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન શ્રી નિશ્ચલ ભાઈ પટેલ માલપુર તાલુકા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અને માલપુર તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન શ્રી મંગળદાસ પહોંચ્યા માલપુર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભાથીભાઈ ખોટ અને બાયડ તાલુકાના ગામના સરપંચ શ્રી સંજયભાઈ કોટ ની અધ્યક્ષતા મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં શાસક પક્ષ દ્વારા તાલુકાની પ્રજા ને જે હાલાકી ભોગવી રહ્યા છે અને સરકાર દ્વારા જે મોટી મોટી






જાહેરાતો કરવામાં આવી રહી છે તે સત્તાના ઘણા વર્ષો વીતી ગયા પછી પણ હજી ત્યાં પહોંચી શકી નથી જેની પ્રજા વચ્ચે જઈ પ્રજાના જાગૃતિ લાવવાનું એક સુંદર કામ કોંગ્રેસના પ્રજા સેવક દ્વારા થઈ રહ્યું છે તાલુકા અને ના દરેક ગામમાં પ્રજા બહુ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ પ્રજા સેવકોને સાથે ચર્ચા માં ભાગ લઈ સમસ્યાઓનો જલ્દી નિરાકરણ આવી તે રીતે રજૂઆત કરવામાં આવી

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat